અપીલ અરજી નં.૪૪૭ તા.૨૩–૩–૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ શ્રોફ

સામાવાળાઃ– એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ શ્રોફની તા.૧૬–૨–૧૦ ની અરજીથી શહેર સુરતના કાદરશાની નાળ નાનપુરા વિસ્તારમાં આવેલ મિલ્કત જેનો નોંધ નં.૧/૧૩૦૮ એ/૨, પૈકી પાર્કીંગની જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ અંગે તા.૪–૧–૧૦ ના રોજ કમિશ્નરશ્રીને રૂબરૂ મળી કરેલ અરજી બાબતે જેના અનુસંધાને તા.૮–૧–૧૦ ના રોજ સેન્ટ્રલ ઓફિસમાંથી શ્રીજતીનભાઈની સ્થળ પરની રૂબરૂ મુલાકાતના અનુસંધાને સુરત મહાનગરપાલિકા તરફે કઈ કાર્યવાહી કરેલ છે અને તે કાર્યવાહી કયા સ્ટેજ સુધી પહોંચેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– આપની તા.૨૨/૨૩–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૪૭/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ શ્રોફની તા.૧૬–૨–૧૦ ની અરજીથી શહેર સુરતના કાદરશાની નાળ નાનપુરા વિસ્તારમાં આવેલ મિલ્કત જેનો નોંધ નં.૧/૧૩૦૮ એ/૨,પૈકી પાર્કીંગની જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ અંગે તા.૪–૧–૧૦ ના રોજ કમિશ્નરશ્રીને રૂબરૂ મળી કરેલ અરજી બાબતે જેના અનુસંધાને તા.૮–૧–૧૦ ના રોજ સેન્ટ્રલ ઓફિસમાંથી શ્રી જતીનભાઈની સ્થળ પરની રૂબરૂ મુલાકાતના અનુસંધાને સુરત મહાનગરપાલિકા તરફે કઈ કાર્યવાહી કરેલ છે અને તે કાર્યવાહી કયા સ્ટેજ સુધી પહોંચેલ છે તેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન./આરટીઆઈ/૧૭૬૨ તા.૮–૩–૧૦ થી આપેલ માહિતી અપુરતી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨/૨૩–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૭ તા.૩૦–૩–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત રજુ કરવા તથા મુળ અરજીમાં માંગેલ માહિતી પૈકી કઈ મળેલ નથી તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૨–૪–૧૦ ના પત્રથી કરેલી અરજી બાબતે અમને કોઈ પણ માહિતી મળેલ નથી. તથા સાથે મુળ અરજીની નકલ તથા તા.૧૬–૨–૧૦ ના રોજ ભરેલ ફી ની રસીદ નં.૨૫૯૯૭૭ ની નકલની વિગત મોકલેલ છે. તેમજ ગેરકાયદેસર બાંધકામ અંગે તા.૧૧–૯–૦૮ ની તથા તા.૯–૭–૦૯ ની ઝોનલ ઓફિસર અને કમિશ્નરશ્રીને કરેલી અરજીની નકલ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટઆઈ/આ.નં.૫૭ તા.૧૨–૪–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, તથા અરજદારે કમિશ્નરશ્રીને તા.૪–૧–૧૦ ના રોજ કરેલ અરજીની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે અરજદારે તા.૪–૧–૧૦ ના રોજ કમિશ્નરશ્રીને રૂબરૂમાં કરેલી અરજીની કાર્યવાહીની માહિતી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૭૬૨ તા.૮–૩–૧૦ થી " તા.૪–૧–૧૦ ના રોજ કમિશ્નરશ્રીને કરેલ અરજીના અનુસંધાને તા.૮–૧–૧૦ ના રોજ લાગત તમામ સ્ટાફ ધ્વારા સ્થળ તપાસ કરેલ તથા નાનપુરા પોસ્ટ ઓફિસના હાઉસીંગ વિભાગમાં તપાસ કરતાં જ્ઞાનદીપ સોસા.માં ભોંયતળીયે આવેલ અઠવા પોસ્ટ ઓફિસ તા.૨–૧૧–૧૯૬૩ થી કાર્યરત છે. જે જ્ઞાનદીપ સોસા. બનવાના પહેલેથી જણાય છે તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જે બાબતે અપૂરતી માહિતી જણાવી અરજદારે તા.૨૨–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૨૨–૩–૧૦ ના રોજ કમિશ્નરશ્રીને સંબોધીને લખેલા પત્રમાં વોર્ડ નં.૧ નોંધ નં.૧૩૦૮/એ/૨ પૈકીના મંજુર પ્લાનની તથા અન્ય વિગતો મળી આવેલ નથી વધુમાં જણાવેલ છે કે હાલમાં સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૬૨ તા.૮–૩–૧૦ ના પત્રમાં જણાવ્યા મુજબ જ્ઞાનદીપ સોસા.માં ભોંયતળીયે આવેલ અઠવા પોસ્ટ ઓફિસ તા.૨–૧૧–૧૯૬૩ થી કાર્યરત છે જે જ્ઞાનદીપ સોસા.ના બનવા પહેલેથી જણાય છે. હકીકતમાં જ્ઞાનદીપ સોસા.નું અસ્તિત્વ ન હોય તો કયા આધારે પોસ્ટ ઓફિસ અસ્તિત્વમાં આવેલી જણાવવામાં આવે છે. જ્ઞાનદીપ સોસા.નું બાંધકામ ૧૯૭૦–૭૧ દરમ્યાનમાં થયું હતું અને હું પોતે મારા ફેમીલી સાથે ૨૬ મી જાન્યુ.૧૯૭૨ ના દિવસે ભાડુત તરીકે રહેવા માટે આવેલ તેવી રજૂઆત કરેલ છે. જયારે તા.૪–૧–૧૦ ના રોજ કમિશ્નરશ્રીએ કરેલ અરજી અંગે તા.૮–૧–૧૦ ના રોજ સેન્ટ્રલ ઝોન ઓફિસમાંથી શ્રી જતીનભાઈની સ્થળ ઉપરની મુલાકાત દરમ્યાન પોસ્ટ ઓફિસ અધિકારીની તપાસ દરમ્યાન પોસ્ટ ઓફિસના અધિકારીએ જણાવેલ કે હું અઠવાડીયાની આવેલ છું એટલે કયા વર્ષમાં પોસ્ટ ઓફિસ ચાલુ થઈ તે કહી શકું તેમ નહીં પરંતુ અંદાજિત વર્ષ ૧૯૮૫ આ પોસ્ટ ઓફિસ ચાલુ થઈ હશે તેવું તેમની અરજીમાં જણાવેલ છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૭ તા.૩૦–૩–૧૦ થી અરજીથી માંગેલ માહિતી પૈકી કઈ માહિતી મળેલ નથી તે અંગે સ્પષ્ટતા માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે તા.૧૨–૪–૧૦ ના પત્રથી અમોને કોઈ પણ માહિતી મળેલ નથી તેવું જણાવેલ છે. વિગતો જોતાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને તા.૮–૩–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે કમિશ્નરશ્રીની તા.૨૨–૩–૧૦ ની અરજીમાં જણાવે છે. જયારે અપીલ અરજી તબકકે તા.૧૨–૪–૧૦ ના પત્રમાં કોઈ વિગત મળી નથી તેવું જણાવેલ છે આમ બંને માહિતી અંગે વિસંગતતા જણાય છે. અરજદારે કમિશ્નરશ્રીની અરજીમાં કરેલ ઉલ્લેખથી અરજદારને તે માહિતી મળેલ છે. પરંતુ અપીલ તબકકે અરજદારે તે માહિતી છુપાવેલ જણાય છે.

વધુમાં જાહેર માહિતી અધિકારીએ અઠવા પોસ્ટ ઓફિસ તા.૨–૧૧–૧૯૬૩ થી કાર્યરત હોવાનું જણાવેલ છે. જે માહિતી નાનપુરા પોસ્ટ ઓફિસના હાઉસીંગ વિભાગમાં તપાસ કરતાં મેળવીને જણાવેલ છે. આથી અરજદારે નવા આવેલ પોસ્ટ ઓફિસના અધિકારીના કહેવા મુજબ રજુઆત કરેલ છે પરંતુ તે અંગેના કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. આમ અરજદારને અરજી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા લાગત સરકારી વિભાગમાં તપાસ કરી માહિતી પૂરી પાડયાનું જણાય છે.પરંતુ અરજદારની મુળ અરજી તથા તા.૪–૧–૧૦ ના રોજની અરજીમાં જણાવ્યા મુજબ નિર્દિષ્ટ મિલ્કતમાં ૧/૧૩૦૮/એ/૨ પૈકીની મિલ્કતમાં પાર્કીગમાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અંગે કરેલ કાર્યવાહીની કોઈ વિગતો આપવામાં આવ્યાનું જણાતું નથી.

અરજદાર અપીલ તબકકે ગેરકાયદેસર બાંધકામ હોવા બાબતે કોઈ આધાર રજૂ કરી શકેલ નથી. તદઉપરાંત પોસ્ટ ઓફિસ ૧૯૬૩ થી કાર્યરત નહીં હોવા અંગેનો આધાર પુરાવો પણ રજૂ કરવામાં સફળ રહેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ મિલ્કત ૧/૧૩૦૮/એ/૨ પૈકીની મિલ્કતના પાર્કીગમાં થયેલ કથિત ગેરકાયદેસર બાંધકામ દુર કરવા અંગે અરજદારની રજૂઆત પશ્ચાત કરેલ કાર્યવાહીની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ શ્રોફ .